અપીલ અરજી નં.૩૦૩ તા.૧૯–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ડો. બાબુલાલ એમ. શાહ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો. બાબુલાલ એમ. શાહની તા.૬–૧૧–૦૯ ની અરજીથી શ્રી જે કે. શાહ ઝોનલચીફના સર્વીસબુકના પ્રથમ ચાર પાનાની નકલ, પી. કે. જરીવાલાના કેસોનીવિગત, વકીલોની પેનલની નિમણૂંક તથા કોળી ફળીયાની ખાડી પર બાંધકામ વિગેરે બાબતે મુદ્દાનં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૯–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૦૩/૨૦૦૯–૧૦

શ્રી ડો. બાબુલાલ એમ. શાહની તા.૬–૧૧–૦૯ ની અરજીથી શ્રી જે કે. શાહ ઝોનલચીફના સર્વીસબુકના પ્રથમ ચાર પાનાની નકલ, પી. કે. જરીવાલના કેસોની વિગત વકીલોની પેનલની નિમણૂંક તથા કોળી ફળીયાની ખાડી પર બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧. ૨૦૦૨ માં કમિશ્નરશ્રીના પરવાનગી આપેલ હોય તેનો જ ઉપયોગ પ્રદિપ જરીવાલાના કેસમાં ફાળવવામાં આવેલ છે તે માટેના વ્યવસ્થા કામોની માહિતી આપવા તથા મુદ્દા નં.૯ નો જવાબ આપેલ નહીં હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૦૬૮ તા.૨૯–૧૨–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને તથા અરજદારને મળેલી માહિતીની વિગત રજૂ કરવા માટે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૪–૧–૧૦ થી મળેલ પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી તરફથી મળેલી માહિતી ઈ.ઝેડ/આરટીઆઈ/૪૪૨ તા.૧૦–૧૨–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે તેમાં પ્રશ્ન નં.૬,૮ તથા ૯ માં માલિકના પુરાવા માં ગેલ છે નહીં કે નકશાની કોપી જેમાં મને રૂા.૭૦૦/– જમાં કરવા જણાવવામાં આવેલ છે તે તદ્દન ગેરકાયદેસર છે તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૪૨ તા.૬–૧–૧૦ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી વરાછાઝોનને તબદીલ થયેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૭૩ તા.૯–૧૧–૦૯ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, વરાછાઝોન તરફથી હાઈડ્રોલીક ઈજનેર ને તબદીલ કર્યા અંગેના પત્ર નં.૪૪૨ તા.૧૧–૧૧–૦૯ ના પત્રની નકલ, તથા સેન્ટ્રલઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.૪૪૨ તા.૫–૧૨–૦૯ ના પત્રની નકલ, ટાઉન પ્લાનીંગને પત્ર નં.૪૪૨ તા.૧ ૭–૧૧–૦૯ ના રોજ તબદી કર્યા અંગેની પત્રની નકલ તથા અરજદારને આપેલ માહિતીના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૪૨ તા.૧ ૦–૧૨–૦૯ ના પત્રની નકલ પૂરક માહિતીમાં અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૬–૧૧–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧. જે.કે. શાહ ઝોનલચીફ વરાછાઝોનના સર્વીસબુકના પ્રથમ ચાર પાનાની ફોટા સાથેની ઝેરોક્ષ કોપી આપવી.૨. વરાછાઝોન તથા સેન્ટ્રલઝોનમાં કેટલા કેસો કોર્ટમાં ચાલે છે તેમાંથી કેટલા કેસોમાં કયા કયા વકીલો રોકવામાં આવ્યા છે તેની માહિતી આપવી. ૩. કુલ કેટલા કેસો પી.જે. જરીવાલાને આપવામાં આવ્યા છે તે કેસોની વિગતવાર માહિતી આપવી, અને તેમાંથી કેટલાની ફી ચૂકવવામાં આવી છે, અને કેટલાની ફી ચૂકવવાની બાકી છે તેની માહિતી આપવા બાબત. ૪. પેનલ બહારની વ્યકિતની નિમણૂંક કરવામાં આવી હોય તો કમિશ્નરશ્રીની પરવાનગી લેવામાં આવી છે કે નહીં. જો કમિશ્નરશ્રીની પરવાનગી લેવામાં આવી હોય તો તેની ઝેરોક્ષ કોપી આપવી. ૫. પેનલ બહારની વ્યકિતની નિમણૂંક કેમ જરૂરી પડી? કે પછી આસી. લો–ઓફિસર તથા ઝોનલચીફ પોતાની સરમુખત્યાર સાહી વાપરી અને પોતાની જાતને વધારે હોશિયાર સમજી નિમણુંક આપેલ છે. કે પછી ત્રણેય વ્યકિતઓએ સહીયારો ધંધો કરેલ છે. તેની માહિતી આપવી. ૬. કયા કારણસર પેનલ બહારની નિમણુંક કરવામાં કોઈ પણ સ્પેશયલ કેસ હોય તો કમિશ્નરશ્રીની પરવાનગી લઈને સ્પેશયલ વકીલની નિમણુંક કરી શકાય પાવર ડેલીગેટનો મનફાવતો અર્થઘટન કરી પોતાના જુના બોસને ખુશ કરવા બહારની વ્યકિતની નિમણૂંક કરેલ છે. ૭. કોઈ પણ એક સ્પેશયલ કેસ હોય કે પછી બધા જ કેસોને સ્પે. કેસ ગણી વકીલ પી.જે. જરીવાલાને નિમણુંક આપી દેવામાં આવેલ છે તેની માહિતી આપવી. ૮. પેનલ બહારની નિમણુંક કરનાર આસી. લો– ઓફિસર સામે કોઈ પણ જાતની કાર્યવાહી કરવામાં આવી છે કે તેની માહિતી આપવી. ૯. નાના વરાછા ગામતળમાં કોળી ફળીયાની સામે ખાડી પર તા.૪–૧૦–૯૦ ના રોજ જયકિસન નાથુ તથા અન્ય અગિયાર વ્યકિતનો પ્લાન પાસ કરેલ છે તેમાં મુકવામાં આવેલા માલિકીના પુરાવાની ઝેરોક્ષ કોપી આપવી. સુરત મહાનગરપાલિકાના વર્ગીકરણ મુજબ શહેર વિકાસ ખાતાની ફાઈલોનો રેકોર્ડ કાયમ રાખવામાં આવેલ હોય છે. આ પ્લાન ઝોન પડયા પહેલાનો હોય એટલે સેન્ટ્રલ શહેર વિકાસમાં તપાસ કરીને જવાબ આપવો કારણકે ૧૯૮૩ ના માર્કેટના પ્લાનો મૌજુદ હોય તો ૧૯૯૦ ના પ્લાન હોવો જ જોઈએ. તેવી અરજી અરજદારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે તેઓ તરફથી નં.સ ે.ઝોન/આરટીઆઈ/૧૦૭૩ તા.૯–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર ઈસ્ટઝોનને તબદીલ કરવામાં આવેલ. ઈસ્ટઝોન તરફથી આરટીઆઈ સ ેલ/આ.નં.૪૪૨ તા.૧૧–૧૧–૦૯ થી મુદ્દા નં.૧ અંગે આંશિક હાઈડ્રોલીક ઈજનેર વિભાગને તબદીલ કરવામાં આવેલ. જયારે મુદ્દા નં.૨ અં ગે આંશિક આરટીઆઈ સેલ/૪૪૨ તા.૫–૧૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. આરટીઆઈ સેલ/૪૪૨ તા.૧ ૭–૧૧–૦૯ થી આંશિક માહિતી ટાઉન પ્લાનર શ્રી શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ થી ૯ ની માહિતી ઈ.ઝેડ/આરટીઆઈ/૪૪૨ તા.૧૦–૧૨–૦૯ ના રોજ અરજદારને આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલના મુદ્દા નં.(૧) માં ૨૦૦૨ માં કમિશ્નરશ્રીએ પરવાનગી આપેલ હોય એનો ઉપયોગ પ્રદિપ જરીવાલાને કેસ ફાળવવામાં આવેલ છે તે માહિતી વ્યવસ્થાનો કાયદો આપવી તથા પ્રશ્ન નં.૯ ના જવાબ સામે અપીલ કરેલ છે. તેવું જણાવી તા.૧૯–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. ત્યાર બાદ અપીલ તબકકે તા.૪–૧–૧૦ ના રોજ અરજદારે પ્રશ્ન નં.૬ ,૮ અને ૯ થી સંતોષ નથી તથા ફકત માલીકીના પુરાવા માંગેલ છે. નકશાની કોપી માટે રૂા.૭૦૦/– જમાં કરાવવા તેવો જવાબ આપેલ છે તે તદ્દન ગેરકાયદેસર છે તેવી રજૂઆત કરેલ છે. અરજદારે અપીલના મુદ્દા નં.૧ માં પ્રશ્ન મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.૬. કયા કારણસર પેનલ બહારની નિમણુંક કરવામાં કોઈ પણ સ્પેશયલ કેસ હોય તો કમિશ્નરશ્રીની પરવાનગી લઈને સ્પેશયલ વકીલની નિમણુંક કરી શકાય પાવર ડેલીગેટનો મનફાવતો અર્થઘટન કરી પોતાના જુના બોસને ખુશ કરવા બહારની વ્યકિતની નિમણૂંક કરેલ છે. તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારી તરફથી કેસની જટીલતા તેમજ સબંધિત વકીલશ્રીના અનુભવ નિષ્ણાંત જ્ઞાનનો સુરત મનપાના આર્થિક હિતમાં નિમણુંક કરવામાં આવ્યાની તથા મુદ્દા નં.૫ અંગે સુરત મહાનગરપાલિકાના પેનલ એડવોકેટની ફી ના શિડયુલથી વધારે ફી ચૂકવવામાં આવેલ ન હોય, સદર કાર્યવાહી સુમપાના કાનુની–આર્થિક હિતમાં કરેલ હોય,પેનલ બહારની વ્યકિતની નિમણુંકની જરૂર પડી, કારણકે વરાછાઝોનના કેસોની જટીલતા ધ્યાને લેતાં તે કેસોમાં જાણકાર એવા એડવોકેટોની જરૂરીયાત હોય પેનલ એડવોકેટશ્રી સ્વ. સી.એમ.શાહ,સ્વ. યુ.જી. વકીલવાળા, સ્વ. સી.એલ.ચલીયાવાળાનું અવસાન થવાથી અને શ્રી જે.આઈ. કાપડીયાએ શ્રી જતીન ગાંધીએ

રાજીનામું આપતા, શહેરના સીનીયર ધારા શાસ્ત્રી અને પેનલ બહારના એડવોકેટશ્રીની નિમણુંક કરવામાં આવેલ, તેમજ તેઓશ્રી પાસે પેનલની ફી ના શીડયુલના ધોરણે કેસ તઓને આપેલ હોય તેઓની નિમણુંક કરવામાં આવેલ છે. અને સદર નિમણુંક કરવામાં આવેલ એડવોકેટ આવા કેસોમાં નિષ્ણાંત હોય, મજકુર વકીલશ્રીની પેનલની ફી ના શિડયુલના ધોરણે નિમણુંક કરવામાં આવેલ છે. અને તે મુજબની ફી ચૂકવવામાં આવેલ છે. અને તેઓએ સુમપાના નિકાલ થયેલા મોટા ભાગના કેસોમાં તરફેણમાંચૂકાદા લઈ આવતાં તેઓની નિમણુંક ચાલુ રાખવામાં આવેલ છે. નવી પેનલ તા.૧–૪–૦૭ થી બનતાં તેઓને મ્યુ.ટેક્ષ અપીલની ગૃપ મેટરો અને શહેર વિકાસના ૯ (નવ) મેટરોમાં નિમણુંક કરવામાં આવેલ છે. આમ કેસની જટીલતા અને સબંધિત વકીલશ્રીના અનુભવ નિષ્ણાંત જ્ઞાનનો સુમપાના કાનુની આર્થિક હિતમાં નિમણુંક કરવામાં આવેલ છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. ૮. પેનલ બહારની નિમણુંક કરનાર આસી. લો– ઓફિસર સામે કોઈ પણ જાતની કાર્યવાહી કરવામાં આવી છે કે તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ પેનલ બહારની નિમણુંક કરનાર આસી. લો ઓફિસરની સર્વીસબુક ચેક કરતાં તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું જણાતું નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજદારે અપીલ બાદ અપીલ તબકકે મુદૃા નં.૬ અને ૮ થી સંતોષ ન હોવાનું જણાવેલ છે પરંતુ તે અંગે કોઈ આધાર કે પુરાવા રજૂ કરેલ નથી. મુદૃા નં.૯. નાના વરાછા ગામતળમાં કોળી ફળીયાની સામે ખાડી પર તા.૪–૧૦–૯૦ ના રોજ જયકિસન નાથુ તથા અન્ય અગિયાર વ્યકિતનો પ્લાન પાસ કરેલ છે તેમાં મુકવામાં આવેલા માલિકીના પુરાવાની ઝેરોક્ષ કોપી આપવી. સુરત મહાનગરપાલિકાના વર્ગીકરણ મુજબ શહેર વિકાસ ખાતાની ફાઈલોનો રેકોર્ડ કાયમ રાખવામાં આવેલ હોય છે. આ પ્લાન ઝોન પડયા પહેલાનો હોય એટલે સેન્ટ્રલ શહેર વિકાસમાં તપાસ કરીને જવાબ આપવો કારણકે ૧૯ ૮૩ ના માર્કેટના પ્લાનો મૌજુદ હોય તો ૧૯૯૦ ના પ્લાન હોવો જ જોઈએ. તેવા પ્રશ્ન બાબતે આપેલ પ્રત્યુત્તરમાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ નાના વરાછા ગામતળ પ્લોટ નં.૧૨ માં જેકીશનભાઈ નાથુભાઈ પટેલના નામે ટીડીઓ/૭૮૧ તા.૧૧–૧૦–૯૦ થી બાંધકામ અંગે આપવામાં આવેલ વિકાસ પરવાનગીની રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાનની નકલ ઉપલબ્ધ છે. જે નકલ રૂા.૭૦૦/– જમાં કર્યે આપવામાં આવશે. જયારે પ્લાન મંજુરી સમયે મુકવામાં આવેલ માલિકીના પુરાવાનો રેકર્ડ ઓફિસ દફતર રેકર્ડ ચકાસતાં ઉપલબ્ધ હોવાનું જણાતું નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલ અરજીમાં મુદૃા નં.૯ માં અરજદારે નકશાની કોપી નહીં પણ માલીકના પુરાવા માંગેલ છે તેવું જણાવેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ માલિકીના પુરાવાનો રેકર્ડ ઉપર ઓફિસર દફતર ચકાસતાં ઉપલબ્ધ હોવાનું જણાતું નથી તેવું જણાવેલ છે.આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મડળ પાસેની દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદૃા નં. ૯ ની અરજદાર ઈચ્છુક હોય તો લાગત દફતરનું ઈન્સ્પેકશન આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ મુજબ લાગુ કિસ્સામાં ફી ભરી મેળવી શકે છે. અરજદાર તરફથી ઈન્પેકશનની માંગણી થયેથી દિન–૭ માં ઈન્સ્પેકશન પુરું પાડવા અને થયેલ કાર્યવાહીની અત્રે જાણ કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

અપીલના મુદૃા નં.૧ માં જણાવેલ મુળ અરજીથી અલાયદા અપીલ તબકકે ઉપસ્થિત પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ<br>
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ....જાણ તથા અમલ માટે.<br>
(૨) શ્રી બાબુભાઈ એમ. શાહ,